## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ વૃષભ**

**આજના ગ્રહોની કુંડળી**

| | | |
|---|---|---|
| ૩ / ૪ | ૨ ચંદ્ર | બુધ ૧ / ૧૨ શુક્ર સૂર્ય |
| વક્રી ગુરુ રાહુ ૫ | ૮ શનિ વક્રી | ૧૧ કેતુ |
| ૬ / ૭ | | ૧૦ / ૯ |

**ચાંડાલ યોગ અને મીનારક ચાલુ છે ● જો જન્મના ગ્રહો બળવાન હશે તો... ● ચંદ્ર રાત્રે સાડા ત્રમે બદલાઈને વૃષભમાંથી મિથુનમાં જાય છે.**

**મેષ** રાશિપતિ આઠમે હોઈ તેમજ શત્રુ શનિ સાથે હોઈ આપને આજે ધાર્યું ફળ મળે નહિં. પરંતુ બારમે સૂર્ય બીનજરૂરી ખર્ચા કરાવે માટે દિવસ ભક્તિ પૂજામાં વિતાવો એ જ ઉત્તમ છે.

**વૃષભ** ઉચ્ચનો ચંદ્ર મંગળ શનિથી દુષિત થાય છે - ચોથે ચાંડાલ યોગ પમ સારો નથી. તેથી આજનો દિવસ ચડઉતરવાળો અને કલેશમય વાતાવરણમાં પસાર થાય. સાવધ રહેવું.

**મિથુન** આપની રાશિથી સારા સ્થાનોમાં ગ્રહો આવેલ છે. જે રાજયોગ સમાન છે. ઉચ્ચનો ચંદ્ર ઉચ્ચનો શુક્ર વૈભવ વિલાસમાં ખર્ચ કરાવે - ઘરખર્ચમાં મોટો ખર્ચ આવી જાય.

**કર્ક** મિત્રો તમારા માટે શત્રુ ન બની જાય તેનું બહુ જ ધ્યાન રાખવું જરૂરી છે. તમારા સંતાનો અંગેના પ્રશ્નો તરફ તમે ખૂબ જ ધ્યાન આપો તે જરૂરી છે.

**સિંહ** ચાંડાલ યોગને ચોથે મંગળ - શનિની યુતિના કારણે આઠમે ઉચ્ચના શુક્રનું ફળ સૂર્ય સાથે હોઈ મળતું નથી - આજે પડવા - વાગવા - દાઝવાથી સાચવવું - ધ્યાન રાખવું.

**કન્યા** સાતમે સૂર્ય નુકસાન કરાવે - બારમે રાહુ તેનાથી વધુ નુકસાન કરાવે - ખરાબ સમય પસાર કરવો હોય તો ધર્મ - ભક્તિ - પૂજાનું અવલંબન જરૂરી છે.

**તુલા** બીજે સ્વગૃહી મંગળ ચંદ્રથી દ્રષ્ટિમાન હોઈ તમોને જમીન - મકાનના કામોમાં વધુ લાભો મળે. આજે દિવસ બધી રીતે અનુકૂળ હોઈ આનંદમાં જશે.

**વૃશ્ચિક** સંતાન યોગ ખરાબ થયેલ છે તેમજ રાશિમાં મંગળ તમોને વારંવાર ક્રોધિત કરે તેવા યોગ છે માટે દિવસ દરમિયાન વ્યક્તિ પૂજા કરી સાવધાની રાખવી.

**ધન** ચોથે સૂર્ય - બારમે મંગળ તમારે માટે નુકસાનકારક ગ્રહ છે. સાવધાની નહીં રાખો ને ભક્તિ - પૂજામાં સમય વ્યતિત નહીં કરો તો મોટું નુકસાન થવા સંભવ છે.

**મકર** સંતાનો તરફથી સ્નેહ - માન - લાભ - પ્રાપ્ત થાય તેવા યોગ છે. તમારી આજની સ્થિતિ જોતાં તમારા ગ્રહો તમને થોડે ઘણે અંશે મદદરૂપ વધુ થાય તેમ છે.

**કુંભ** સાતમા રાહુ - ગુરુના ચાંડાલ યોગના કારણે જીવનસાથીની કડવી વાણીથી તમો બહુ જ વિચલિત થઈ જશો. સંયમ રાખીને સમય પસાર કરી લેવો જ હિતાવહ છે.

**મીન** મીનારક કમૂરતાં ચાલે છે - ઉચ્ચનો શુક્ર સૂર્ય સાથે હોઈ ઉચ્ચત્વ ગુમાવે છે - મિશ્ર ફળ પ્રાપ્ત થાય - દિવસ દરમિયાન - જીવનસાથી સાથે ચડભડ થાય - સાવધ રહેશો.

### અભયમ્ ટીમે બચાવી... ● ત્રીજા પાનાનું ચાલુ

તેણીએ ડરના માર્યા બોલી ના શકતી હોવાથી ઈશારાથી જણાવ્યું કે મારે અહીં નથી રહેવું, આ લોકો મને મારી નાંખશે. ત્યારે અભયમ્ ટીમે પી.આઈ. મિનાક્ષીબેન પટેલ સાથે વાતચીત કરી તેને મહિલા પોલીસ સ્ટેશને લાવ્યા હતા અને સમાજ સુરક્ષા કચેરીને જાણ કરવામાં આવી હતી.

જો કે અંતમાં સગીરાના પરિવારજનોએ માફી માંગી ફરી લગ્ન માટે દબાણ નહીં કરવાનું વચન આપ્યું હતું અને તે મુજબ સ્ટેમ્પ પેપર પર લખાણ કરી આપી દિકરીને તેની મરજી મુજબ અભ્યાસ કરવા દેવા રાજી થયા હતા. અંતે સગીરા તેમની સાથે જવા રાજી થઈ જતા પોલીસે તેનો કબજો પરિવારને સોંપ્યો હતો. આ સાથે તેમણે સગીરાને કોઈ પણ તકલીફ પડે તો ફરી મહિલા પોલીસસ્ટેશન અથવા અભયમ્ હેલ્પલાઈનનો સંપર્ક સાધવા સૂચન કરાયું હતું. આમ અભયમ્ ટીમની સમય સૂચકતાથી ગાંધીનગર તાલુકાની તેજસ્વી દિકરીનું ભવિષ્ય લગ્નની વેદી પર હોમાતા રહી ગયું હતું.

### કાયદો અને કાનૂન ● ૪ પાનાનું ચાલુ...

જેમાં જન સેવા કેન્દ્ર તથા ઈ ધારા, ઈ ગ્રામ મારફતે મળેવીઅરજીઓની નોંધણી કરવામાં આવશે. પ્રાંત અધિકારી અને જીલ્લા કલેકટરશ્રી પણ આ કન્ટ્રોલ રજીસ્ટરની સમીક્ષા કરશે. દર ૧૫ દિવસમાં આ માટે કોર કમીટીની જીલ્લા, તાલુકા કક્ષાએ બેઠક મળી અમલીકરણ સમીતિની બેઠકમાં આવી અરજીઓની સમીક્ષા કરવામાં આવશે અને ભુલમાં પણ ભુલ કરનાર અધિકારી કે કર્મચારી પકડાશે તો કોર કમીટીની ભલામણ મુજબ દંડ તથા શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે જેથી કર્મચારી, અધિકારીની જવાબદારી વધશે અને ખંતથી કામ કરશે.

રાજયમાં લાખો ખેડૂત તથા જમીન ધારકને ઈ અરજ દ્વારા તથા ક્ષતિ સુધારવા માટે ઘરે બેઠા અજી મોકલી આપવાની પણ વ્યવસ્થા સરકારે વિચારેલ હોત તો સોનામાં સુવાસ ભરત અને વિદેશમાં રહેનાર ભારતીયો અને બીન નિવાસી ગુજરાતીઓ જે જમીન માલીકો છે તેઓ જે તે જગ્યાએથી ઘરે બેઠા બેઠા પોતાની જમીનના રેકર્ડમાં સુધારા કરાવી શકત.

### અતીતની આજ ● ૪ પાનાનું ચાલુ...

મહારાષ્ટ્રના ભાજપી મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ નાગપુરના છે અને સંઘના આશીર્વાદ સાથે શાસનમાં છે. 'ભારત માતા કી જય'ના મુદ્દે ગાદી જાય તો ય વાંધો નહીં એવાં જાહેર નિવેદન કરનાર મુખ્ય પ્રધાન ફડણવીસને શિવ સેનાના વડા ઉદ્ધવ બાળ ઠાકરે રોજેરોજ પોતાના મરાઠી દૈનિક 'સામના'માં તંત્રીલેખ લખી સુણાવતા રહે છે. મહારાષ્ટ્રમાં ભાજપ અને શિવ સેના વચ્ચેના સંબંધોમાં ઘણી કડવાશ છે. સ્વયં વડા પ્રધાન મોદી પણ શિવ સેના પ્રમુખ ઉદ્ધવને અવગણીને હવે રાજયમાં ભાજપ જ 'બિગ બ્રધર' છે એનો અનુભવ કરાવે છે. છેલ્લે ૫ એપ્રિલ, ૨૦૧૬ના 'સામના'ના અગ્રલેખ 'ઓવૈસી સુટલા તરી ચાલેલ'માં તો શિવ સેના પ્રમુખે હદ કરી નાખી છે: 'ભારત માતાની જય બોલવાનો ઈનકાર કરનાર હૈદરાબાદના સાંસદ અસદુદ્દીન ઓવૈસી વિરુદ્ધ ફોજદારી ખટલો દાખલ કરવાનું ટાળનાર મુખ્ય પ્રધાન મહોદય અમારી વિરુદ્ધ દેશદ્રોહનો ખટલો દાખલ કરી અમારા જેવા દેશપ્રેમીને જેલ ભેગા કરો!'

# સાચુ હિન્દુત્વ કર્મકાંડમાં નહીં ઉદાર વ્યવહારમાં : ભાગવત

## ભારતની રાષ્ટ્રીયતા શું છે તે અંગે સંઘના વિચારો બિલકુલ સ્પષ્ટ છે : સંકુચિત વિચારધારા ધરાવનારાઓએ હિન્દુઓની વિભાવના મર્યાદિત કરી : ભાગવત

અમદાવાદ, તા.૧૦

સંઘના વડા મોહન ભાગવત આજે વર્ષ પ્રતિપદા ઉત્સવમાં ભાગ લેવા અમદાવાદ આળી પહોંચ્યા હતા. અમદાવાદ શહેરના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે આયોજિત વર્ષ પ્રતિપદા ઉત્સવમાં મોટી સંખ્યામાં સંઘના કાર્યકરો પહોંચ્યા હતા. આ ઉપરાંત કાર્યક્રમમાં સોહરાબુદ્દીન શેખ અને ઈશરત એન્કાઉન્ટર કેસમાં લાંબી કાયદાકીય લડાઈ લડીને હાલમાં રાહત મેળવનાર ડીજી વણઝારા સહિતની અનેક હસ્તીઓ પણ પહોંચી હતી. આ કાર્યક્રમને સંબોધતા સંઘના વડા મોહન ભાગવતે અનેક મુદ્દાઓ ઉપર વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, દલિતોને સાથે લઈને મહાન હિન્દુ સંસ્કૃતિ બનાવી શકાય છે. આંબેડકર અને હેગડેવારના વિચારોને લઈને સમરસતા લેવાનો સમય આવ્યો છે. ભાગવતે કહ્યું હતું કે, સાચુ હિન્દુત્વ કર્મકાંડમાં નહીં મનના ઉદાર વ્યવહારમાં છે. તમામ લોકો અમારા માટે એક સમાન છે. તેમણે એમ પણ કહ્યું હતું કે સંકુચિત વિચારધારા ધરાવનારાઓએ હિન્દુ ભાવના મર્યાદિત કરી છે. શાખામાં હવે કોઈને ધર્મ પુછતા નથી માત્ર તેમના વિચારોને મહત્વ આપીએ છીએ. ભારતની રાષ્ટ્રીયતા શું છે તે વિશે સંઘના વિચારો સ્પષ્ટ છે. કોઈ સંકલ્પને સિદ્ધ કરવા માટે આચરણ




પણ અનુરુપ રહે તે જરૂરી છે. ભાગવતે કહ્યું હતું કે, સંઘમાં એક જ જયનો રાજ છે અને તે છે ભારત માતા કી જય. આરએસએસના વડા મોહન ભાગવત આજે સંઘ દ્વારા ઉજવાતા વર્ષ પ્રતિપદા ઉત્સવમાં ભાગ લેવા અમદાવાદ આવ્યા હતા.આ વખતના પ્રતિપદા ઉત્સવની વિશેષતા એ છે કે એના આયોજનમાં આ વખતે સ્ટેજ પર પહેલી વખત બાબા સાહેબ આંબેડકર જેવા દલિત નેતાને સ્થાન આપવામાં આવ્યું છે. આ મામલે આરએસએસના પ્રવક્તા પ્રદીપ જૈને જણાવ્યું છે કે, અમે આ વર્ષે બાબા સાહેબ આંબેડકરની ૧૨૫મી જયંતિ મામલે આરએસએસના બીજા સરસંચાલક બાલાસાહેબ દેવરસની ૧૦૦મી જયંતિની ઉજવણી કરી રહ્યા છે. આગામી ૧૪ એપ્રિલે બાબા સાહેબના જન્મદિવસની ઉજવણી ગુજરાતમાં સાળંગપુર ખાતે કરવામાં આવશે. થોડા સમય અગાઉ આરએસએસમના મુખપત્રમાં આંબેડકર માટેનો વિશેષ અંક પ્રકાશિત કરવામાં આવ્યો હતો. જે અગાઉ ક્યારે પણ બન્યું ન હતું. આંબેડકર ક્યારેય રૂઢિચુસ્ત હિન્દુઓનો ચહેરો રહ્યા ન હતા કારણ કે તેમણે ૧૯૫૬માં બોદ્ધ ધર્મ અંગીકાર કર્યો હતો અને સાથે જ ઘણાં પછાત લોકોને પણ તેના માટે પ્રેરણા આપી હતી. બીજેપીએ આ પહેલા બિહારમાં બાજી ગુમાવી હતી અને હવે પક્ષ ઉત્તરપ્રદેશની ચૂંટણીમાં આ મામલે કોઈ જોખમ ખેડવા માગતું નથી કારણ કે ઉત્તરપ્રદેશમાં દેશના લગભગ અડધોઅડધ અને રાજયની કુલ વસ્તીના ૧૬.૬ ટકા દલિતો રહે છે.

# પ્રાંતિજમાં ખાનગી કંપનીનું ઉઠમણું ગ્રાહકોના જીવ ઉંચા થઈ ગયા

પ્રાંતિજ, તા. ૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ એપ્રોચ રોડ ઉપર આવેલ જે.કે.એમ.એમ તરીકે ઓળખાતી અને ૧૦૦૦ ના હપ્તાથી ચાલતી કંપની ઉઠી જવાનાં સમાચાર મળતા કેટલાક સ્કીમ ગ્રાહકો ઓફિસમાં દોડી આવ્યા હતાં અને ઓફિસમાં બાદ પુછપરછ બાદ કરોડોનો ગોટાળાના આંકડા બહાર આવતાં ગુજરાતભરમાં આવેલ શાખાઓ ઉપર સી.બી.આઈ.ના દરોડા અને કંપનીની કેટલીક ગેરરીતિ હોવાનું બહાર આવતાં છેલ્લા ત્રણ મહિનાથી પ્રાંતિજ ખાતે પણ ઢસડીયા ખાતી જે.કે.એમ.એમ.ના સ્કીમ ગ્રાહકોની ટોળેટોળા પ્રાંતિજ ખાતે આવેલ જે.કે.એમ.એમ. ઓફિસમાં દોડી આવ્યા હતાં અને લોકો ઓફિસમાં ગુસીને જેનાં હાથમાં જે આવ્યું તે લઈને દોડયા હતાં અને માત્ર અડધો કલાકમા તો ઓફિસમાં રહેલ એસી, પંખો, ખુરશીઓ, ટેબલ, કોમ્પ્યુટર, સોફા સહિત દિવસ દરમ્યાન




રહેલ વસ્તુઓ ઉઠાવી ગયા હતાં.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ સહિત ગુજરાતભરમાં જે.કે.એમ.એમ ના નામથી જાણીતી અને મહિને એક હજાર રૂપિયાના હપ્તાથી ચાલતી સ્કીમમાં છેલ્લા ત્રણ મહિનાથી સ્કીમમાં ગોટાળાની અવનવી વાતો તથા મુખ્ય સુત્રધારની પોલીસ દ્વારા અટકાયત નજર મંડાયેલી હતી અને જે.કે.એમ.એમ.નું ઉઠમણું થયું છે તેવી વાતોથી સ્કીમમાં ભરેલ ગ્રાહકોના જીવ ઉંચા નીચા થઈ ગયા હતાં ત્યારે ૮-૪-૨૦૧૬ ને સાંજના સમયે અચાનક પ્રાંતિજ તથા તાલુકામાં વાયુવેગે કંપની ઉઠી જવાનાં સમાચાર પ્રસરી જતાં કેટલાક સ્કીમ ગ્રાહકો સહિત લોકોના આવેલ હપ્તાની કલેકશનની રકમ પણ ઉઠાવી ગયા હતાં. ત્યારે પ્રાંતિજ ખાતે ઓફિસ ચલાવતા મેનેજમેન્ટ દ્વારા કે કોઈ સ્કીમ ગ્રાહક દ્વારા પણ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં કોઈ ફરીયાદ થઈ નથી ત્યારે પ્રશ્ન એ છે કે શું આ સ્કીમમાં ભરેલ રૂપિયા સ્કીમ ગ્રાહકોને પરત મળશે કે કેમ તે હવે જોવાનું રહ્યું.



## પાલનપુરમાં ટ્રક અને જીપડાલા વચ્ચે અકસ્માતમાં એકનુ મોત

પાલનપુર-અમદાવાદ હાઈવે પર રેલવે બ્રિજ પાસે ટ્રક પાછલ જીપડાલુ એકાએક ઘુસી જતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં એક જીપ સવાર અરજણજી પીરાજી બારોટનું કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે જીપડાલાના ચાલક બળવંતજી કેવળજી બારોટને શરીરે ગંભીર ઈજા થતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.

# ખેડા જિલ્લામાં સર્જાયેલા ચાર અકસ્માતમાં એકનું મોત : પાંચને ઈજા

નડિયાદ,તા.૧૦

ખેડા જિલ્લાના વિવિધ સ્થળોએ સર્જાયેલા ચાર અકસ્માતોમાં એક વ્યક્તિનું મૃત્યુ થવાની સાથે સાથે પાંચ વ્યક્તિઓને ઈજાઓ પહોંચી હોવાની ફરિયાદ જે તે પોલીસ મથકે નોંધાઈ છે. આ સંદર્ભે પોલીસે વાહનચાલકો સામે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર કપડવંજથી ડાકોર રોડ પરના સોરણા પાટીયા પાસે મહેન્દ્રભાઈ લલ્લુભાઈ પરમાર રહે.નિરમાલીનાઓ પોતાનું બાઈક જીજે૭.સીઈ.૦૩૬૩ લઈને પોતાની પત્ની મનીષાબેન તથા બે બાળકોને બેસાડીને જઈ રહ્યા હતા ત્યારે સોરણા પાટીયા નજીકના બમ્પ આગળ જતી ટ્રકને ઓવરટેક કરતાં સામેથી ડમ્પર આવતું હોય એકદમ બ્રેક મારતાં તેઓ બમ્પ પરથી ઉછળીને નીચે પટકાયા હતા. જેના પરિણામે પત્ની મનીષાબેનને મોં અને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેણીનું મૃત્યુ થયું હતું. જ્યારે બંને બાળકોનો તથા ચાલક પતિનો આબાદ બચાવ થયો હતો. આ સંદર્ભે મહેન્દ્રભાઈ પરમારે સ્વયં કપડવંજ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. બીજા અકસ્માતની વિગત જોઈએ તો, અલીન્દ્રાની નાની નહેર પાસેથી પસાર થતી એક ઈકો ગાડી નં.જીજે૨૩.બીડી.૬૧૧૭ના ચાલકે પોતાની ગાડીને બેફિકરાઈ અને ગફલતભરી રીતે હંકારીને રોડની બાજુમાં ચાલતા ભોટુશા રજબશા દિવાનને ટક્કર મારતાં તેઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ સંદર્ભે ઈજાગ્રસ્તના પુત્ર ઈકબાલશા દિવાન રહે.માંઘરોલીનાઓએ ચકલાસી પોલીસ મથકે ઈકો કારના ચાલક સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. ત્રીજા અકસ્માતની વિગત જોઈએ તો, કઠલાલ પાસેની એક રેસ્ટોરન્ટ સામેથી પસાર થતા ઠાસરા તાલુકાના મોરઆંબલી ગામના પ્રવીણભાઈ રઈજીભાઈ સોઢાપરમારે પોતાની મોટરસાયકલ નં.જીજે૭. એએસ. ૩૬૩૧ને પુરઝડપે અને બેફિકરાઈથી હંકારીને રોડ પર ઉભેલી ટ્રકની ઓવરટેક કરી મોટરસાયકલને રોંગસાઈડેથી ચલાવી સામેથી આવતી મોટરસાયકલ નં.જીજે૨૩. બી.૬૧૫૬ને ટક્કર મારતાં આ બાઈકના ચાલક તથા પોતાને પણ ઈજાઓ પહોંચાડી હોવાની ફરિયાદ મોરઆંબલીના વિક્રમભાઈ શિવાભાઈ ભોજાણીએ કઠલાલ પોલીસ મથકે નોંધાવી છે. જેના આધારે પોલીસે બાઈકચાલક સામે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. ચોથો અકસ્માત આખડોલ ગામે સર્જાયો હતો

# ચિઠોડા ખાતેથી હત્યાના ગુનાનો કેદી ઝડપાયો

હિંમતનગર, તા. ૧૦

સાબરકાંઠા લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઈડર પોલીસ સ્ટેશનના અપહરણના ગુનામાં સંડોવાયેલા એક શખ્સને શુક્રવારે ચિઠોડા ત્રણ રસ્તા પર વોચ ગોઠવી ૧૦ વર્ષ બાદ ઝડપી લઈ ઈડર પોલીસ હવાલે કર્યો છે. જ્યારે હત્યા કેસમાં સાબરમતી જેલમાં સજા ભોગવતો ઈડર તાલુકના લક્ષ્મણપુરાનો શખ્સ ગત સાલ ફેર્લો-પેરોલની રજા ઉપર ગયા બાદ નાસતો ફરતો હતો. તેને શનિવારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે પકડી લઈ સાબરમતી મધ્યસ્થ જેલમાં મોકલી આપ્યો છે.

લોકલ ક્રાઈમ બ્રાન્ચ પી.આઈ. એસ.ડી.પટેલના જણાવ્યા મુજબ રાજસ્થાનના ખેરવાડા તાલુકાના લક્ષ્મણપુરા ખાતે રહેતો હિરાભાઈ વેચાતભાઈ અહારી વિરૂધ્ધ વર્ષ ૨૦૦૪માં ઈડરના પોલીસ સ્ટેશનમાં અપહરણનો મામલો દર્જ થયા બાદ આ શખ્સ છેલ્લા ૧૦ વર્ષથી પોલીસને હાથતાળી આપી નાસતો ફરતો હતો.

અપહરણ કેસના આરોપીને જબ્બે કરવા છેવટે જીલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચને જવાબદારી સોંપતા એલ.સી.બી.ની ટીમે શુક્રવારે મળેલ બાતમીને આધારે ચિઠોડા ત્રણ રસ્તા પર વોચ ગોઠવી હતી. જે વોચ દરમિયાન હિરાભાઈ અહારી શુક્રવારે સામાજીક કામે આવતા ક્રાઈમ બ્રાન્ચની ઝડપમાં આવી જતા તેની અટક કરી વધુ તપાસ અર્થે ઈડર પોલીસ સ્ટેશનને હવાલે કર્યો હતો.

### ભીષણ આગ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઘાયલ થયા છે. દાજી ગયેલા તમામ શ્રદ્ધાળુઓને કોલ્લમ અને થિરુવનંતપુરમની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. મુખ્યપ્રધાન ચાંડીએ મોડેથી કહ્યુ હતુ કે ઘટનાસ્થળ પર બચાવ કામગીરી પૂર્ણ કરી લેવામાં આવી છે. દાજી ગયેલા લોકોને હોસ્પિટલમાં તમામ સારી સુવિધા અને સારવાર આપવામાં આવી રહી છે. મુખ્યપ્રધાને પોતે મોતનો આંકડો વધવાની દહેશત વ્યક્ત કરી છે. ચાંડીએ કહ્યુ હતુ કે આ અભૂતપૂર્વ અને ખતરનાક સ્થિતી છે. તેમણે કહ્યુ હતુ કે ઘાયલોને તેમના પરિવારના સભ્યો દ્વારા જ્યાં ખસેડી દેવામાં આવ્યા છે ત્યાં સરકાર સંપૂર્ણ ઈલાજ કરાવશે.

### પ્રચંડ ભૂકંપ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અસર સીધી જોવા મળી હતી. દિલ્હી સચિવાલયના છઠ્ઠા માળ ઉપરની ઓફિસમાં પ્લાન્ટ અને ફર્નિચર હચમચી ઉઠ્યા હતા. દિલ્હી ફાયર વિભાગ અને પોલીસ અધિકારીઓએ કહ્યું છે કે, કન્ટ્રોલ રૂમને કોઈપણ પ્રકારના કોલ મળ્યા નથી. નુકસાનના સંદર્ભમાં કોઈ માહિતી મળી શકી નથી. જુદા જુદા રાજ્યોમાં રહેતા લોકોએ પોતપોતાની પ્રક્રિયા આપી છે. સમગ્ર ઉત્તર ભારતમાં તેની અસર રહી હતી. જેમાં કાશ્મીર, લેહ, હરિયાણા, રાજસ્થાન, પંજાબ, હિમાચલ પ્રદેશનો સમાવેશ થાય છે.

ગ્વાલિયર, મોરેના, ભોપાલ સહિતના વિસ્તારો મધ્યપ્રદેશના હચમચી ઉઠ્યા હતા. દિલ્હીમાં નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીના ઓપરેશન વડા જેએલ ગૌત્તમે કહ્યું છે કે, રિક્ટર સ્કેલ ઉપર આની તીવ્રતા ૬.૮ રહી છે. સૌથી વધારે અસર ખેબરપખ્તુનખ્વામાં અનુભવાઈ છે. પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં વારંવાર આંચકા આવતા રહ્યા છે. પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં રહેતા લોકોએ પણ પ્રચંડ આંચકો અનુભવાયો હોવાની વાત કરી છે. અફઘાન અને પાકિસ્તાન સરહદ ઉપર સ્થિત હિન્દુકુશ વિસ્તાર ભૂકંપની દ્રષ્ટિએ સૌથી સક્રિય છે. એક દશક અગાઉ જ ઉત્તરીય પાકિસ્તાનમાં ૭.૬ની તીવ્રતાનો પ્રચંડ આંચકો આવ્યો હતો જેમાં ૭૫૦૦૦ લોકોના મોત થયા હતા. કોઈપણ ભૂકંપ જેની સપાટી ઉપર હોય છે તે નુકસાન પહોંચાડી શકે છે. લાહોર, ઈસ્લામાબાદ, રાવલપિંડી, પેશાવર સહિતના પાકિસ્તાની વિસ્તારો પણ હચમચી ઉઠ્યા છે.

### અકસ્માતના બનાવોમા...

● ત્રીજા પાનાનું ચાલુ

સમયે વનવેની જગ્યાએ હાઈવે બની ગયો છે. ત્યારે નગરના આ માર્ગ પર આંતરે દિવસે નાના મોટા અકસ્માતના બનાવો બનતા રહે છે. ખ માર્ગ પર સ્પીડ બ્રેકર મુકવામાં આવ્યા છે પરંતુ ખ-૧ થી ખ-૦ સુધી સ્પીડ બ્રેકર ના હોવાથી વાહનચાલકો બેફામ સ્પીડે વાહનો હંકારતા બનાવો બનતા રહે છે. માર્ગ સાંકળો અને કોઈકવાર બાઈક ચાલક ન્યુ વિસ્તારમાંથી અચાનક આવી જતા તેના બચાવમાં પણ અકસ્માત થતો હોય છે. વાહનો ટકરાતા સામાન્ય ઈજા પહોંચતા મોટાભાગના લોકો વાહનની નુકશાની અને હોસ્પિટલનો ખર્ચ આપતા સમાધાન કરી લેતા હોય છે. ખ માર્ગ નું કામ તંત્ર દ્વારા ઝડપી કરવામાં આવે તેવું સ્થાનિક રહીશો ઈચ્છી રહ્યા છે.

### હાઈકોર્ટના દ્વાર... ● ત્રીજા પાનાનું ચાલુ

જાહેર થતા જ ઉમેદવારોમાં રોષ ફાટી નીકળયો છે.પ્રશ્નપત્રના કુલ ૧૦૦ માંથી ૧૨ ભુલવાળા હોવા છતા ઉમેદવારોનુ મેરીટ ૮૮ ગુણમાંથી તૈયાર કરાયું નથી. પરંતુ પ્રો-રેટા પધ્ધતિનો ઉપયોગ કરીને પરિણામ તૈયાર કરવામાં આવ્યું છે. જેને પગલે અન્યાય થયાનો આક્ષેપ ઉમેદવારો કરી રહ્યા છે. ત્યારે આજે ગાંધીનગર ટાઉનહોલ પાસેના ખુલ્લા મેદાનમાં ૨૦૦ થી વધુ ઉમેદવારો એકઠા થયા હતા અને પરિણામ અંગે ચર્ચા વિચારણા કર્યા બાદ જીપીએસસીના તંત્રને આવેદન આપવાનું અને યોગ્ય સમયમાં ઉકેલ નહી આવે તો હાઈકોર્ટના દ્વાર ખખડાવાનું ઉમેદવારોએ નક્કી કર્યું છે. આ ઉમેદવારોની સાથે વડોદરા, સુરત, ભાવનગર,રાજકોટ અમદાવાદના ઉમેદવારો પણ જોડાયા છે.

### ગોળીબાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જવાનોએ પણ જવાબી કાર્યવાહી કરી હતી અને કલાકો સુધી બન્ને વચ્ચે સામસામે ગોળીબાર ચાલ્યો હતો. વહેલી પરોઢે ૪-૩૦ વાગ્યાની આસપાસ પાકિસ્તાની સૈનિકોએ ગોળીબાર કર્યો હતો. ડીફેન્સ પીઆરઓ દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યુ છે કે પાકિસ્તાની સૈનિકો દ્વારા ગોળીબાર બાદ આટલી જ તાકાત સાથે જવાબ આપવામાં આવ્યો હતો. જો કે ગોળીબારમાં કોને પણ કોઈ નુકસાન થયુ નથી. ભારત અને પાકિસ્તાન વચ્ચે સર્વગ્રાહી દ્વિપક્ષીય રચનાત્મક મંત્રણા પ્રક્રિયા સસ્પેન્ડ કરવામાં આવી છે તેવી પાકિસ્તાન હાઈ કમીશનર અબ્દુલ બાસિત દ્વારા જાહેરાત કરવામાં આવ્યા બાદ ગોળીબારની ફરી શરૂઆત થઈ છે.

### લાલચમાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કામગીરીમાં મોડેથી નૌકા સેના, હવાઈ દળ સહિત તમામ સેન્ટ્રલ એજન્સીઓની મદદ લેવામાં આવી છે. હજુ કેટલીક વિગતો ખુલે તેવી શક્યતા છે. કેરળના પરવુર સ્થિત પુત્તિંગલ દેવીના મંદિરમાં આજે વહેલી સવારે એક ઉત્સવ દરમિયાન વિનાશકારી આગ ફાટી નિકળી હતી. આ ભીષણ આગમાં હજુ સુધી ૧૦૬ શ્રદ્ધાળુઓ બળીને ભડથુ થઈ ગયા હતા. જ્યારે દાજી ગયેલા શ્રદ્ધાળુઓની સંખ્યા ૩૫૦થી પણ વધારે હોવાનુ જાણવા મળ્યુ છે. જેથી મોતનો આંકડો વધવાની દહેશત પ્રવર્તી રહી છે. આજે વહેલી પરોઢે ત્રણ વાગે આતશબાજી દરમિયાન વિસ્ફોટમાં હજુ સુધી મોતનો આંકડો સતત વધી રહ્યો છે.

### અદ્ધરતાલ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બનાવવા માટે ગ્રાન્ટ પણ ફાળવી હતી. પરંતુ માર્ગ મકાન વિભાગ દ્વારા જગ્યા નિયત ન થતા સરવાળે કશુ થયુ ન હતુ. હાલમાં પણ રેઈન બસેરા માટે જગ્યા નક્કી થઈ શકી નથી. શહેરમાં રેઈન બસેરાની યોજનાને આખરી કરવા માટે અનેકવાર રજુઆત કરવામાં આવી છે. આમછતા કોઈ આયોજન કરવામાં આવતુ નથી. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે આ અંગે જિલ્લા કલેકટર તેમજ મહાનગર પાલિકાના કમિશ્નરને રજુઆત કરી હતી. શહેરને સ્માર્ટ સિટી બનાવવાના શમણા સેવાઈ રહયા છે. ત્યારે રેઈન બસેરાનો પ્રોજેકટ પ્રથમ અગ્રતા ધોરણે હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.